# પૂરક માહિતી

- ઔદ્યોગીક પાર્કને સહાય યોજના એ ઔદ્યોગીક નીતિ – ૨૦૨૦ હેઠળ તા.૦૧/૦૯/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક : જીઆઇડી-૧૦૨૦૨૦-૩૨૪૯૬૮-ગ થી જાહેર કરવામાં આવેલ છે.
- ઔદ્યોગીક નીતિ ૨૦૨૦ હેઠળ ઉક્ત યોજનાનો અમલીકરણનો સમયગાળો તા.૦૭/૦૮/૨૦૨૦ થી તા.૦૬/૦૮/૨૦૨૫ સુધીનો છે.
- ઔદ્યોગીક નીતિ – ૨૦૨૦ અન્વયે તા.૧૮/૦૯/૨૦૨૦ ઠરાવ ક્રમાંક: જીઆઇડી-૧૦૨૦૨૦-૩૫૦૨૫૧-ગ, થી વનબંધુ તાલુકાઓની યાદી જાહેર કરવામાં આવેલ છે. સદર યાદીમાં કુલ ૧૪ જિલ્લાઓના ૫૩ તાલુકાનો સમાવેશ થાય છે.
- સદર યોજનાનો હેતુ પ્રાઇવેટ ડેવલોપર દ્વારા રાજ્યમાં ઔદ્યોગીક પાર્ક સ્થાપિત થાય તે છે.
- આ યોજના અંતર્ગત ઔદ્યોગિક પાર્ક માટે જમીન એરીયા ઓછામાં ઓછા ૨૦ હેકટર અને વનબંધુ તાલુકામાં ઓછામાં ઓછા ૫ હેકટર હોવો જરૂરી છે.
- આ યોજના હેઠળ બિલ્ડીંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલીટીઝ (જમીન ખર્ચ સિવાય) ના માન્ય સ્થાયી મૂડીરોકાણના ૨૫ % લેખે વધુમાં વધુ રૂા. ૩૦ કરોડની સહાયની જોગવાઇ છે અને વનબંધુ તાલુકામાં સ્થાપિત થનાર પાર્ક માટે આ યોજના હેઠળ બિલ્ડીંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલીટીઝ (જમીન ખર્ચ સિવાય) ના માન્ય સ્થાયી મૂડીરોકાણના ૫૦ % લેખે વધુમાં વધુ રૂા. ૩૦ કરોડની સહાયની જોગવાઇ છે.
- આ યોજના હેઠળ અત્યાર સુધી (તા.૦૪/૦૯/૨૦૨૩) કુલ ૪૩ ઔદ્યોગીક પાર્કને રજીસ્ટ્રેશન આપવામાં આવેલ છે. જે પૈકી ૫ ઔદ્યોગીક પાર્ક વનબંધુ તાલુકામાં આવેલ છે.
- ઉક્ત ૫ ઔદ્યોગીક પાર્ક પૈકી ૪ પાર્ક સુરત જિલ્લાના માંગરોલ તાલુકામાં અને ૦૧ પાર્ક તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકામાં આવેલ છે.